17/C

NOTIFICATION
Industries and Mines Department,
Sachivalaya, Gandhinagar.
Dated the 19 APR 2017

Constituion of India.

No. GU/2017/14/BRT/112008/651/D-1:- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Assistant Commissioner of Industries, Class I in the Gujarat Industrial Service, Gujarat State,namely:

1. These rules may be called the Assistant Commissioner of Industries, Class I ,Recruitment Rules, 2017.

2. Appointment to the post of Assistant Commissioner of Industries, Class I in the Gujarat Industrial Service under the Commissionerate of Industries, Gujarat State, shall be made either:-

   (a) by promotion of a person of proved merit and efficiency from amongst the person, who,-

   (i) have worked for not less than eight years in the cadre of Industries Officer (Technical) and Manager (Raw Material), Class II or Industries Officer, Class II in the Gujarat Industrial Service, Gujarat State;

(ii) have passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006;

(iii) have passed the prescribed departmental examination:

Provided that where the appointing authority is satisfied that a person having the experience specified in sub-clause (i) above is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two thirds of the period specified in sub-clause (i) above, or

(b) by direct selection.

3. Appointment by direct selection and promotion shall be made in the ratio of 1:2.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall,-

(a) not be more than 40 year of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the

19/C

C|71
223

Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967:

Provided further that nothing contained in clause (b) of sub-rule (9) of rule 8 of the Gujarat Civil Services Classification and Recruitment (General)Rules,1967 shall be applicable in so far as relaxation of upper age limit as prescribed above is concerned;

(b) possess,-

(i) at least second class degree in Engineering or Technology (excluding Civil Engineering) and a post-graduate degree or diploma in Business Administration or Management or Entrepreneurship Development obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956; or any other equivalent qualification recognized by the All India Council of Technical Education and

(ii) have about three years post qualification experience on the post not below the rank of Senior Industries Inspector, Class III in the subordinate service of the Commissionerate of Industries,Gujarat State; or

(iii) have about three years post qualification combined or separate experience of Administration or in supervisory capacity, or field experience in the Government or Local Body or Government Undertaking Board or Corporation or Limited Company established under the Companies Act, 2013 or Public Private Partnership Projects initiated by the Government or Local Bodies on the post which can be considered equivalent to the post not below the rank of Senior Industries Inspector, Class III in the subordinate service of the Commissionerate of Industries, Gujarat State;

(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both

21/C

C/73

Explanation For the purpose of these rules,-

(1) "Supervisory Capacity" means any individuals who have an operational role which manages the flow of work through quick-effective decision-making and problem-solving to meet targets in terms of production and quality, A leadership role which encourages,supports and motivates their team members or employees under him and a communication role which serves as a two-way conduit between upper management and subordinates.

(2) "Field Experience" means the operational performance of routine office tasks includes common set of functions to meet organization's goals for smooth administrtion.

5. The candidate appointed by direct selection shall be on probation for a period of two years.

6. The candidate appointed by direct selection shall, during his probation period, require to undergo pre-service training and pass the post-training examination in accordance with the provisions of the Gazetted Officers' Pre-service Training and Examination Rules, 1970.

7. The candidate appointed by direct selection shall during his probation period require to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

8. The candidate appointed by direct selection shall be require to pass the departmental examination and an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

9. The candidate appointed either by direct selection or by promotion shall require to undergo such training and pass such examination as may be prescribed by the Government.

10. A candidate appointed by direct selection shall require to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

(D.G.Chaudhari)
Deputy Secretary to Government.

To,

- Principal Secretary (Personnel), General Administrative Department, Sachivalaya, Gandhinagar.
- Secretary, Legislative and Parliament Affairs Department, Sachivalaya, Gandhinagar- with request to translate into Gujarati and publish into Government Gazzette and send 50 copies to Industries and Mines Department, Sachivalaya, Gandhinagar.
- Secretary, Gujarat Public Service Commission, Aayog Bhavan,Gandhinagar.*
- Industries Commissioner, Office of the Industries Commissioner, Udyog Bhavan, Gandhinagar.

291 C   +231C

Extra No. 256

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LVIII ]   MONDAY, SEPTEMBER 25, 2017/ASVINA 3, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ–ના તારીખ: ૧૯મી એપ્રિલ, ૨૦૧૭ના** સરકારી જાહેરનામા **ક્રમાંક: જીયુ–૨૦૧૭–૧૪–બીઆરટી–૧૧૨૦૦૮–૬૫૧–ડી–૧. –નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**

સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**The Assistant Commissioner of Industries, Class I, Recruitment Rules, 2017.**

**મદદનીશ ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી**

**જાહેરનામું.**

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૨૦૧૭.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક. જીયુ/૨૦૧૭/૧૪/બીઆરટી/૧૧૨૦૦૮/૬૫૧/ડી-૧ :-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રુએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત રાજ્ય (હેઠળ)ની, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, મદદનીશ ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મદદનીશ ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત ઔદ્યોગિક સેવામાં,ઉદ્યોગ કમિશનર, વર્ગ ૧ની જગા પરની નિમણૂક, જેમાંકે,-

(ક) (૧) ગુજરાત રાજ્ય (હેઠળ)ની, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, ઉદ્યોગ અધિકારી (ટેકનિકલ) અને મેનેજર (કાચો માલ), વર્ગ ૨ અથવા ઉદ્યોગ અધિકારી, વર્ગ-૨ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂકો ૧:૨ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ-૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ:

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ એન્જિનિઅરિંગ અથવા ટેકનોલોજિ (સિવિલ એન્જિનિઅરિંગ સિવાય)માં ઓછામાં ઓછા દ્વિતીય વર્ગમાં મેળવેલી પદવી અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા મેનેજમેન્ટ અથવા ઑન્ટ્રપ્રેન્યરશિપ ડેવલપમેન્ટમાં ઓછામાં ઓછા દ્વિતીય વર્ગમાં અનુસ્નાતકની પદવી અથવા ડિપ્લોમા અથવા ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકિનકલ એજ્યુકેશને માન્ય કરેલી અન્ય કોઈ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર (પ્રવર) ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો, આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૩) ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર (પ્રવર) ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકારમાં, સ્થાનિક મંડળ, સરકાર હસ્તક બોર્ડ, કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં અથવા સરકાર અથવા સ્થાનિક મંડળ દ્વારા ચલાવવામાં આવતી જાહેર ખાનગી ભાગીદારી પરિયોજનાઓમાં વહીવટનો અથવા અવેક્ષકની કાર્યક્ષમતા (સુપરવાઈઝરી કેપેસિટી)માં અથવા તે ક્ષેત્રના અનુભવમાં શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછીનો, આશરે ત્રણ વર્ષનો સંયુક્ત અથવા અલગ અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

આ નિયમોના હેતુ માટે સ્પષ્ટીકરણ,-

(૧) "અવેક્ષકની ક્ષમતા (સુપરવાઈઝરી કેપેસિટી)" એટલે ઉત્પાદન અને ગુણવત્તાના રૂપમાં લક્ષ્યાંકને પહોંચી વળવા માટે ઝડપી-અસરકારક નિર્ણાયકતા અને સમસ્યાના ઉકેલ દ્વારા કાર્યના પ્રવાહનું સંચાલન (વ્યવસ્થાપન) કરી શકે તેવી કાર્યલક્ષી ભૂમિકા ધરાવનાર કોઈપણ વ્યક્તિ. જે નેતૃત્વની ભૂમિકા ધરાવતો હોય અને પોતાની ટીમ (ટુકડી)ના સભ્યો અથવા કર્મચારીઓના (સમૂહ)ને પ્રોત્સાહિત કરતા હોય, સમર્થન (ટેકો) આપતા હોય અને પ્રેરિત કરતા હોય અને સંચાલકો અને તાબા હેઠળના (કર્મચારીઓની) વચ્ચે દ્વિ માર્ગીય વાહક તરીકેની ભૂમિકા બજાવતા હોય.

(૨) "ક્ષેત્રનો અનુભવ" એટલે કે સરળ વહીવટ માટેના સંસ્થા (સંગઠન)ના ધ્યેયને પહોંચી વળવા માટે સમાન રીતે કરવાના કાર્યોની યાદી સહિતના રાબેતા મુજબના કચેરીના કાર્યોનું સંચાલન કરવાની કામગીરી.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ડી. જી. ચૌધરી,**

સરકારના નાયબ સચિવ.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.